# BUSINESS મિત્ર

## સરકારી કંપનીઓ સામે પ્રાઇવેટ કંપનીઓમાં ઉછાળો જોવાયો

# શેરબજારમાં રોનક પરત ફરતા સેન્સેક્સ-નિફ્ટી ઉછળ્યા, રોકાણકારોની સપંત્તિ રૂ. 1.92 લાખ કરોડ વધી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 13: આજના કારોબાર પહેલા સેન્સેક્સ-નિફ્ટી ઈન્ટ્રાડેમાં એક ટકાથી વધુ ઘટાડો નોંધાયો હતો, જ્યારે આજે કારોબાર દરમ્યાન નીચલા સ્તરેથી રીકવરી જોવા મળી હતી. આજે પણ બજાર પોઝિટિવ ખુલ્યા બાદ નફાવસુલી ચાલુ રહી હતી અને તેના પરિણામે ફરી એકવાર લાલ નિશાનમાં સરકી ગયું હતું, પરંતુ પ્રાઇવેટ કંપનીઓમાં લેવાલી નીકળી હતી, જેના પગલે બજારમાં રીકવરી જોવા મળી હતી. આમ એકંદરે શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસથી પીએસઇ અને પીએસયુમાં જોરદાર વેચવાલીનું દબાણ રહ્યું હતું, જેમાં આજે બ્રેક વાગી હતી, તેની સામે પ્રાઇવેટ કંપનીઓના શેરોમાં તેજી જોવા મળી હતી. જેના લીધે સેન્સેક્સ-નિફ્ટી સુધર્યા હતા. જેમાં નિફ્ટીએ 21700ની સપાટી કુદાવી હતી. બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપ 1.92 લાખ કરોડ વધ્યો છે. જેના લીધે કુલ માર્કેટ કેપ રૂ. 378 લાખ કરોડ પર પહોંચ્યું હતું.

ઘરેલું સ્તરે ગઇકાલે બજાર બંધ થયા બાદ આઇઆઇપી અને સીપીઆઇના ડેટા જાહેર થયા હતા, જે પોઝિટિવ રહ્યા હતા. જેની અસર બજારમાં પોઝિટિવ રહી હતી. આજે રોકડાના શેરો કે જે છેલ્લા ત્રણ દિવસથી વેચવાલીના દબાણ હેઠળ ચાલી રહ્યા હતા, તેમાં આજે બ્રેક વાગી હતી અને રીકવરી જોવા મળી હતી.

આજે શેરબજારમાં રીકવરી જોવા મળ્યો હતો, જેમાં બેન્ક નિફ્ટી, નિફ્ટી ફાઇનાન્સીયલ સર્વિસીસ ઇન્ડેક્સ, નિફ્ટી પ્રાઇવેટ બેન્ક ઇન્ડેક્સ આઉટપર્ફોમ જોવા મળ્યા હતા. જ્યારે નિફ્ટી મેટલ ઇન્ડેક્સ, મીડિયા ઇન્ડેક્સ અને નિફ્ટી રિટલ્ટી ઇન્ડેક્સ ઘટયા હતા.

### રૂપિયો સપાટ રહ્યો

કરન્સી બજારમાં આજે ડોલરની સામે રૂપિયો સપાટ રહ્યો હતો. આજે 83.01ના સ્તરે બંધ રહ્યો હતો. સાંકડી વધઘટ રહ્યા બાદ સપાટ બંધ રહ્યો હતો. અન્ય કરન્સી બજારમાં યુરો 89.46, પાઉન્ડ 105.17, કેનેડિયન ડોલર 61.73, ઓસ્ટ્રેલિયન ડોલર 54.11, જાપાનીઝ યેન 0.5557, સીંગાપોર ડોલર 61.72ના સ્તરે બંધ રહ્યા હતા.

### સેન્સેક્સ 483 પોઇન્ટ અને નિફ્ટી 127 પોઇન્ટ વધ્યા

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 482.70 પોઇન્ટ એટલે કે 0.68 ટકા વધીને 71555.19 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સમાં 71663 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 71000 પોઇન્ટની સપાટી તોડીને 70924 પોઇન્ટ સુધી ઘટયો હતો.

નિફ્ટી 127.20 પોઇન્ટ એટલે કે 0.59 ટકા સુધરીને 21700 પોઇન્ટ સપાટી સુધરીને 21743.25 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 21767 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 21543 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 620.15 પોઇન્ટ એટલે કે 1.38 ટકા સુધરીને 45500 પોઇન્ટની સપાટી કુદાવીને 45502.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. એનએસઇ ખાતે હિન્દાલ્કોમાં 6.34 ગણા, સેફાયર ફુડસમાં 4.51 ગણા, એજીસ લોજીસ્ટીકમાં 3.57 ગણા, ભારત ફોર્જ 3.33 ગણા, કેમપ્લાસ્ટ સન્માર 3.16 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નીચલા સ્તરેથી નવેસરથી લેવાલી નીકળતા સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.61 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 0.18 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ બંધ રહ્યા હતા.

### એશિયન બજારો પોઝિટિવ અને યુરોપિયન બજારો ઘટયા

વૈશ્વિક સ્તરે ફેડરલ રિઝર્વના દરોના આઉટલુકને આકાર આપવામાં અને વ્યાજદરમાં ઘટાડાનો સમય નક્કી કરવામાં મદદ કરી શકે તેવા અમેરિકાના ફુગાવાના મુખ્ય અહેવાલ પુર્વે આજે યુરોપિયન બજારો લાલ નિશાનમાં સરકતા જોવા મળ્યા હતા, જ્યારે મોટા ભાગના એશિયન બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા. આજે ચીન, હોંગકોંગ, તાઇવાન અને વિયેતનામમાં લુનર ન્યૂયર હોલિડે માટે બજારો બંધ રહ્યા હતા. યુએસ સુચકાંકો સોમવારે મિશ્ર નોંધ પર બંધ રહ્યા હતા, ડેટા પહેલા નવી ઉંચાઇએ પહોંચ્યા બાદ વધુ ફુગાવાને રેખાંકિત કરશે, ફેડરલ રિઝર્વ માટે આ વર્ષે વ્યાજદરમાં ઘટાડો શરૂ કરવાનો માર્ગ મોકળો થયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.23 ટકા, કેક 0.36 ટકા અને ડેક્સ 0.53 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.81 ટકા, સ્ટ્રેઇટસ 0.11 ટકા, કોસ્પી 1.11 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 1.22 ટકા ઘટયા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 482.70 | 71555.19 |
| નિફ્ટી | 127.30 | 21743.30 |
| બેન્ક નિફ્ટી | 620.10 | 45502.40 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 4.52 | 452.35 |
| યુપીએલ | 4.52 | 479.10 |
| ICICI બેન્ક | 2.38 | 1019.80 |
| એક્સીસ બેન્ક | 2.30 | 1070.75 |
| એસબીઆઇ લાઇફ | 2.20 | 1467.60 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 12.42 | 510.10 |
| ગ્રાસીમ | 3.87 | 2064.15 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.12 | 9852.40 |
| ડીવીસ લેબ્સ | 1.06 | 3700.45 |
| બીપીસીએલ | 1.04 | 584.30 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ICICI બેન્ક | 2.46 | 1020.10 |
| એક્સીસ બેન્ક | 2.30 | 1070.90 |
| વિપ્રો | 2.14 | 512.15 |
| એનટીપીસી | 1.85 | 321.90 |
| કોટક બેન્ક | 1.58 | 1737.15 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.03 | 9859.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.85 | 1645.90 |
| ટાઇટન કંપની | 0.60 | 3562.50 |
| તાતા મોટર્સ | 0.48 | 906.90 |
| આઇટીસી | 0.06 | 406.60 |

### યાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ — સુરત નરેશ / મુકેશ ઘીવાળા — ૩૫૧૬૪૪૬, ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ '' | ૧૨૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫.૧૬ | ૫૦/૩૬ '' | ૧૩૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫.૨૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૯૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ |
| ૬૮/૩૬ | ૧૨૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૬ | ૬૮ ક્રિમ્પ | ૧૩૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ | ૭૫ ક્રિમ્પ | ૧૨૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૦ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૭ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૯ | ૩૦/૩૬ એફડી | --- |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૬૩૮૦૦ |
| તેજાબી સોનું | ૬૩૭૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૬૦૬૧૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૬૨૫૨૫ |
| સોનાનાં બિસ્કીટ | ૬૩૮૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૭૨૦૦૦ |
| ચાંદી સિક્કા | ૭૩૫૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૨૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૧૭૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૯૦ | સનફ્લાવર | ૧૬૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૭૦૦ | તલતેલ | ૬૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૫૭૦ | દિવેલ | ૨૧૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૫૮૦ | મકાઇ તેલ | ૧૮૦૦ |
| સરસીયું તેલ | ૨૧૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-30 | ૪૧૫૦ |
| એસ-30 | ૪૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૦૫૦ |
| એસ-30 | ૪૦૦૦ |

# ગો ફર્સ્ટે 60 દિવસમાં ખરીદદારો શોધવા પડશે

નવી દિલ્હી, તા. 13: એનસીએલટીએ બંધ પડી ગયેલી એવિએશન કંપની ગો ફર્સ્ટની કોર્પોરેટ ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસને 60 દિવસ માટે વધારી દીધી છે. ત્રણ પક્ષોએ ગો ફર્સ્ટને ખરીદવામાં રસ દાખવ્યો હોવાનું જણાવવામાં આવ્યા બાદ એનસીએલટીએ તેની તારીખ લંબાવી હતી. ગો ફર્સ્ટના રિઝોલ્યુશન પ્રોફેશનલ (આરપી) દ્વારા એનસીએલટીને આ વાત કહેવામાં આવી છે.

રિઝોલ્યુશન પ્રોફેશનલ વતી હાજર થયેલા દિવાકર મહેશ્વરીએ પોતાની એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ (ઇઓઆઇ) ફાઇલ કરીને અર્નેસ્ટ મની જમા કરાવ્યા છે. આ કારણે ગો ફર્સ્ટના ધિરાણકર્તાઓએ સીઆઇઆરપીને બહુમતીથી આગળ વધારવાની તરફેણમાં મત આપ્યો છે. રિઝોલ્યુશન પ્રોફેશનલના જણાવ્યા અનુસાર, ગો ફર્સ્ટ ખરીદવામાં રસ ધરાવતા ત્રણેય પક્ષો 15 ફેબ્રુઆરી સુધીમાં પોતાનો રિઝોલ્યુશન પ્લાન સબમિટ કરી શકે છે.

ગત વર્ષે ડિસેમ્બર 2023માં ખુલાસો થયો હતો કે ગો ફર્સ્ટને ખરીદવાની રેસમાં સ્પાઇસ જેટ, શારજાહની સ્કાય વન કંપની અને આફ્રિકાની સફ્રિક ઇન્વેસ્ટમેન્ટ્સનો સમાવેશ થાય છે. એનસીએલટીએ ગો ફર્સ્ટની ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયાને 60 દિવસ સુધી લંબાવી છે અને આ એક્સ્ટેંશન બીજી વખત આપવામાં આવ્યું છે. આ પહેલા 23 નવેમ્બર 2023ના રોજ એનસીએલટીએ પોતાની તારીખ 90 દિવસ માટે વધારી હતી, જે 4 ફેબ્રુઆરીએ પૂર્ણ થઇ હતી. હવે 60 દિવસની ડેડલાઇનમાં વધારો કરવામાં આવ્યો છે, જેની ગણતરી 4 ફેબ્રુઆરીથી કરવામાં આવશે.

ગો ફર્સ્ટ મે 2023માં એનસીએલટી પહોંચી હતી, રોકડની તંગીથી ઘેરાયેલી એરલાઇન ગો ફર્સ્ટે કલમ 10 હેઠળ કોર્પોરેટ ઇનસોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા માટે ગયા વર્ષે 2 મે, 2023ના રોજ એનસીએલટીનો સંપર્ક કર્યો હતો. 10 મે, 2023 ના રોજ, એનસીએલટીએ ગો ફર્સ્ટની અરજી સ્વીકારી હતી અને કંપની સાથે સંબંધિત બાબતો માટે એક રિઝોલ્યુશન પ્રોફેશનલની રચના કરી હતી. એરલાઇન ગો ફર્સ્ટ પર ધિરાણકર્તાઓનું 6,521 કરોડ રૂપિયાનું દેવું છે.

જેમાં સૌથી વધુ સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાનું સૌથી વધુ રૂ.1947 કરોડનું એક્સપોઝર છે, ત્યારબાદ બેન્ક ઓફ બરોડાનું રૂ.1430 કરોડ, ડોઇશ બેન્કનું રૂ.1320 કરોડ અને આઇડીબીઆઇ બેન્કનું રૂ. 58 કરોડનું એક્સપોઝર છે.

# સેબીએ સર્વર એકસેસ માટેની એનએસઇની અરજી ફગાવી દીધી

મુંબઇ, તા. 13: માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ કો-લોકેશનના કેસમાં એનએસઇની સેટલમેન્ટ અરજી ફગાવી દીધી હોવાનું જાણવા મળ્યું છે. એકસચેન્જે સસેબની સંમતિ પ્રણાલી હેઠળ અરજી દાખલ કરી હતી. જે બજારના સહભાગીઓને ફી ભરીને કથિત ઉલ્લંઘનના કેસોનું સમાધાન કરવાની મંજુરી આપે છે. તે ભુલોને સ્વીકારતું નથી અને નકારતું નથી. જોકે, સેબીએ સ્ટોક એકસચેન્જની સંમતિની અરજી ફગાવી દીધી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર માર્કેટ રેગ્યુલેટર તેના બદલે એકસચેન્જ સામે રેગ્યુલેટરી ઓર્ડર જારી કરશે. આ કેસ એનએસઇ અને ઓપીજી સિક્યોરિટીઝના અધિકારીઓ વચ્ચેની કથિત મિલીભગત સાથે સંબંધિત છે, જેમાં બ્રોકર પર એનએસઇ સર્વસ સુધી પહોંચવાનો આરોપ છે, જેના કારણે તેને અન્ય વેપારીઓ કરતા અયોગ્ય ફાયદો છે.

સેબી અને એનએસઇને મોકલેલા ઇમેઇલ્સનો કોઇ જવાબ મળ્યો નથી. સેબીએ વર્ષ 2019માં કો લોકેજશન કેસમાં અનેક આદેશો આપ્યા હતા. જેમાં એનએસઇના કર્મચારીઓ અને ઓપીજી સિક્યોરિટીઝ વચ્ચેની મિલીભગતનો એક કેસ પણ સામેલ છે. આ આદેશને એનએસઇ અને ઓપીજી સિક્યોરિટીઝ વચ્ચેની મિલીભગતનો એક કેસ પણ સામેલ છે. આ આદેશને એનએસઇ અને ઓપીજી સિક્યોરિટીઝ બંનેએ સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલમાં પડકાર્યો હતો. સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલે આ મામલો સેબીને પુનઃ વિચારણા માટે પાછો મોકલ્યો હતો.

સેબીએ સંમતિ અરજી નામંજુર કર્યા પછી પ્રક્રિયા આગળ ધાપવી હતી. સેબીએ ગત અઠવાડિયે એનએસઇને આ મામલે ખાનગી સુનાવણીની તક આપી હતી અને ટુંકસમયમાં આદેશ આપે તેવી સંભાવના છે. એસએટીએ કહ્યું હતું કે સેબીના 2019ના આદેશમાં નક્કર પુરાવા રજૂ કરવામનાં આવ્યા નથી કે એનએસઇ અને ઓપીજીના કર્મચારીઓ વચ્ચે જોડાણ છે.

# રિલાયન્સની માર્કેટ કેપ 20 લાખ કરોડને પાર, ભારતની પ્રથમ કંપની બની

મુંબઇ, તા. 13

દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું માર્કેટ કેપ 20 લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે, આ સ્થાન પ્રાપ્ત કરનારી તે ભારતની પ્રથમ કંપની છે.

આજે કંપનીના શેરે રૂ.2,958ની સર્વોચ્ચ સપાટી બનાવી હતી, જેના કારણે કંપનીની માર્કેટ કેપમાં વધારો થયો છે.

આરઆઇએલની માર્કેટ વેલ્યુમાં છેલ્લા બે સપ્તાહમાં એક લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. 29 જાન્યુઆરીએ કંપનીનું માર્કેટ કેપ 19 લાખ કરોડ રૂપિયાના આંકડા પર પહોંચી ગયું હતું. આ પહેલા કંપનીએ સપ્ટેમ્બર 2021માં 15 લાખ કરોડનું સ્તર પાર કર્યું હતું. 2019માં માર્કેટ કેપ 10 લાખ કરોડને પાર કરી ગઇ હતી.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટ કેપિટલાઇઝેશનની દ્રષ્ટિએ દેશની સૌથી મોટી કંપની છે. મુંબઇ સ્થિત રિલાયન્સ ગ્રુપ તેલથી લઇને ટેલિકોમ અને રિટેલ જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. સાથે જ ટીસીએસ આગળ આવે છે. ટીસીએસની માર્કેટ કેપ 15.07 લાખ કરોડ છે.

ફોર્બ્સ રિયલ ટાઇમ બિલિયોનેર લિસ્ટ અનુસાર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ભારતના સૌથી ધનિક વ્યક્તિ છે.

તેમની કુલ નેટવર્થ 9.38 લાખ કરોડ રૂપિયા છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી 6.64 લાખ કરોડ રૂપિયાની નેટવર્થ સાથે બીજા નંબર પર છે.

### ફુગાવાના ડેટા જાહેર થતાં અમેરિકી બજારમાં કડાકો: ડાઉ જોન્સ 400 પોઇન્ટથી વધુ તૂટયો

નવી દિલ્હી, તા. 13 આજે ભારતીય શેરબજારમાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો, પરંતુ આજે અમેરિકાના બજાર તરફથી સપોર્ટ મળ્યો નથી, જેથી આવતીકાલે બજારમાં આ સુધારો ધોવાઇ જવાની પુરેપુરી સંભાવના જોવા મળી રહી છે. આજે અમેરિકાના બજારો તૂટયા હતા. ફુગાવાના ડેટાએ ટ્રેઝરી યીલ્ડમાં વધારો કર્યા બાદ ડાઉ જોન્સ સહિતના બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે, અને શંકા વ્યક્ત કરવામાં આવી હતી કે ફેડરલ રિઝર્વ આ વર્ષે ઘણી વખત દરોમાં ઘટાડો કરી શકશે, જે ઇક્વિટી બજાર માટે તેજીના સેન્ટિમેન્ટનો મુખ્ય ભાગ છે. યુએસ બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સે અહેવાલો આપ્યો હતો કે, કન્ઝયુમર પ્રાઇસ ઇન્ડેક્સમાં ફેરફારો દ્વારા માપવામાં આવતા યુએસમાં ફુગાવો ડિસેમ્બરમાં 3.4 ટકાથી ઘટીને જાન્યુઆરીમાં વાર્ષિક ધોરણે 3.1 ટકા થઇ ગયો છે. આ રીડિંગ માર્કેટની 2.9 ટકાની અપેક્ષાથી સામે આવ્યું છે.

# અદાણી-હિંડનબર્ગ વિવાદ: 3 જાન્યુઆરીના ચુકાદાની સમીક્ષા કરવા સુપ્રીમ કોર્ટમાં અરજી

નવી દિલ્હીઃ તા. 13 (પીટીઆઇ): સુપ્રીમ કોર્ટમાં તેના 3 જાન્યુઆરીના ચુકાદાની સમીક્ષા કરવા માટે અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં તેણે અદાણી જૂથ દ્વારા શેરના ભાવની હેરાફેરીના આરોપોની તપાસ વિશેષ તપાસ ટીમ અથવા સીબીઆઇને ટ્રાન્સફર કરવાનો ઇનકાર કર્યો હતો.

અદાણી જૂથ માટે એક નોંધપાત્ર જીતમાં સર્વોચ્ચ અદાલતે સીબીઆઇ અથવા એસઆઇટી તપાસનો આદેશ આપવાનો ઇનકાર કર્યો હતો અને તેના ચુકાદામાં કહ્યું હતું કે, બજાર નિયમનકાર સેબી આરોપોની વ્યાપક તપાસ કરી રહી છે અને તેનું આચરણ વિશ્વાસને પ્રેરિત કરે છે.

પિટિશનમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ચુકાદામાં ભૂલો અને ત્રુટીઓ હતી અને અરજદારના વકીલ દ્વારા પ્રાપ્ત થયેલી કેટલીક નવી સામગ્રીના પ્રકાશમાં ચુકાદાની સમીક્ષા માટે પૂરતાં કારણો છે. રિવ્યુ પિટિશન અનામિકા જયસ્વાલે દાખલ કરી છે, જે આ કેસમાં અરજદારોમાંના એક હતા.

એડવોકેટ નેહા રાઠી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ તેના રિપોર્ટમાં માત્ર આરોપો બાદ કરેલી 24 તપાસોની સ્થિતિ વિશે કોર્ટને અપડેટ કર્યું હતું, પછી ભલે તે સંપૂર્ણ હોય કે અધૂરી, પરંતુ કોઇપણ તારણો અથવા કરવામાં આવેલી કાર્યવાહીની વિગતો જાહેર કરશો નહીં.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ''જ્યાં સુધી સેબીની તપાસના તારણો સાર્વજનિક રૂપે જાણ કરવામાં ન આવે ત્યાં સુધી કોઇ નિયમનકારી નિષ્ફળતા રહી નથી તેવું તારણ કાઢી શકાય નહીં.''

સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદામાં નોંધ્યું હતું કે સેબીએ 24 મામલામાંથી 22 મામલાઓમાં તેની તપાસ પૂર્ણ કરી છે જ્યાં અદાણી ગ્રુપ સામે આરોપો મૂકવામાં આવ્યા હતા.

અરજીમાં જણાવ્યું હતું કે, ''3 જાન્યુઆરી, 2024ના અસ્પષ્ટ આદેશમાં સ્પષ્ટ ભૂલો છે, જેમાં આ કોર્ટે અદાણી ગ્રુપના પ્રમોટરોની માલિકીની ઓફશોર એન્ટિટીઓ દ્વારા માર્કેટમાં હેરાફેરી સાથે સંકળાયેલ મોટા પ્રમાણમાં છેતરપિંડી માટે કોર્ટ મોનિટરિંગ એસઆઇટીની રચના કરવાની અરજદારોની પ્રાર્થનાને નકારી કાઢી હતી. તેથી, અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ''અસ્પષ્ટ ચુકાદાની સમીક્ષા થવી જોઇએ.''

### સુડોકુ ૪૯૩૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | | ૨ | ૧ | | | | ૯ |
| ૫ | ૯ | ૧ | ૪ | ૮ | ૬ | | | |
| | ૨ | | | | | | | |
| ૭ | | | | ૩ | ૪ | ૯ | | |
| | ૫ | ૯ | | ૬ | ૨ | | | ૪ |
| | ૪ | ૮ | ૯ | | | | | |
| | | | | ૨ | | | | ૮ |
| ૨ | ૭ | ૫ | ૬ | ૪ | | | | ૩ |
| ૮ | ૧ | ૪ | | | ૭ | ૬ | | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**અરૂચિ**

ભૂખ ન લાગવી, થોડું ખાતાં ધરાઇ જવું, ખોરાક પ્રત્યે અભાવ થવો અરુચિનાં લક્ષણ છે. નીલગીરી, બાવળ કે વડ નું દાતણ ચાવવું. અકાકિયા 5 ગ્રામ, 500 મીલી પાણીમાં ભેળવી તેનાથી કોગળા કરો. ડાઇજેસ્ટો 4 ચમચી એટલુંજ પાણી ભેળવી રોજ બે વાર જમવા સાથે લો. આરોગ્યવર્ધિનીની બે ગોળી જમ્યા પછી લો.

### આજનું પંચાંગ

**તા. 14/02/2024, બુધવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1945
**વીર સંવત :** 2550 **માસ :** મહા
**તિથિઃ** સુદ : પાંચમ : 12:11, શ્રી પંચમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** મહા: 25
**નક્ષત્ર :** રેવતી : 10:44 પછી અશ્વિની **યોગઃ** શુભ
**કરણ :**કૌવલ **રાશિ :** મીન (દ.ચ.ઝ.થ) 10:44 પછી મેષ (અ,લ,ઈ)
**દિવસ :** શુભ - વસંત પંચમી - સરસ્વતી પૂજા
**સુરતમાં સૂર્યોદય :** 07:11 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:35
**નવકારસી :** 07:59
**પારસી વર્ષ :** 1393, મહેર માસનો 03 જો રોજ
**મુસલમાન વર્ષ :** 1445, શાબાન માસનો 03 જો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે : 12:00થી 13:30 સુધી.

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** મહત્ત્વપૂર્ણ કામમાં વિઘ્નો પેદા થાય. યાત્રા-પ્રવાસમાં ધ્યાન રાખવું. શુભ સમાચાર મળે.

**વૃષભ (બ.વ.ઉ.):** શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજથી કામ કરવું. મિત્રોની સલાહ લેવી.

**મિથુન (ક.છ.ઘ.):** નોકરીમાં ઘર્ષણ થાય. સમાજજીવનમાં વિઘ્નો આવે. નવી યોજનામાં મદદ મળે.

**કર્ક (ડ.હ.):** વિદેશથી શુભ સમાચાર મળે. નોકરીમાં પગારવધારો થાય. ધંધામાં લાભ થાય.

**સિંહ (મ.ટ.):** આરોગ્ય બાબતે નાજુક લોકોએ ખાવા-પીવામાં ધ્યાન રાખવું. ખર્ચાળ દિવસ.

**કન્યા (પ.ઠ.ણ.):** ભાગીદારીમાં તાલમેળ રાખવાથી નવી યોજના બને. સરકારી કામમાં મદદ મળે.

**તુલા (ર.ત.):** ઉગ્ર અને નિડર બનશો. શત્રુઓ પીછેહઠ કરે. સરકારી નોકરીમાં સાવધાન રહેવું.

**વૃશ્ચિક (ન.ય.):** પ્રેમમાં ગેરસમજ થાય. નવાં રોકાણ થાય. નોકરીમાં નવી તક મળે. ઉત્સાહ વધે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રતિકૂળતા રહે. અચાનક સફળતા મળે.

**મકર (ખ.જ.):** પ્રવાસમાં છેતરાઇ જવાનું બને. ભાઇ-બહેનો સાથે ઘર્ષણ થાય. કામનો બોજ વધે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** વાણી અને ઉગ્રતા ઘરના કામમાં અવરોધ પેદા કરે. મૌન રહેવામાં લાભ.

**મીન (દ.ચ.ઝ.થ.):** સમાજમાં પ્રતિકૂળતા રહેશે. નવા કામમાં કુટુંબનો સાથ મળે. ઉઘરાણી આવે.


### કોઇ પણ સાલમાં

**14 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ**

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ અને દોડધામવાળું રહેશે. ખાસ કરીને વર્ષની શરૂઆતમાં આ અનુભવ વધુ થશે. સંઘર્ષમાંથી રસ્તા નીકળશે પણ માનસિક અને શારીરિક કષ્ટનો અનુભવ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. નોકરી-ધંધા-વ્યવસાયમાં નવા ફેરફાર નવી ટેક્નોલોજી અને નવી નીતિ પ્રમાણે કામ કરવું પડશે. સમાજમાં અશાંતિ વધશે. કુટુંબ-પરિવારમાં જવાબદારીઓ નિભાવવી પડે. નાના સભ્યોને મદદ કરવી પડે. ઉંમરલાયકના વિવાહ થાય. વારસા-જમીન-જાયદાદનાં કામમાં કાયદાકીય પ્રશ્નો સતાવે. વર્ષના મધ્યમમાં ઘર, વાહન, અને નવા-ધંધા માટે નવી તક મળે. સંતાનો-વડીલોના કામ અને ખર્ચાની ચિંતા સતાવે. વિદ્યાર્થીઓને મિશ્ર ફળ મળે. વિદેશનાં કામ ધીમાં પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. જૂન-જુલાઇમાં આરોગ્યનું ધ્યાન ખાસ રાખવું.

### શબ્દગુંફન - ૬૫૮૮

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. સૂર્ય (૪)
૪. રાજાને કરાતું સંબોધન (૩)
૭. ઊનું, ઠંડું નહિ એવું (૨)
૯. વિનોદ, આનંદ (૩)
૧૦. વિશ્વ, દુનિયા (૩)
૧૧. મોટી નદી (૨)
૧૨. સરખી સપાટીવાળું (૪)
૧૪. હોઠ (૨)
૧૬. ઇલાજ, ઉપાય (૨)
૧૭. કસબ, હુન્નર (૨)
૧૮. યોગ્ય કિંમત કરવી તે (૩)
૨૦. છળ, પ્રપંચ (૩)
૨૨. સ્થિર નજર (૨)
૨૪. સ્મરણ (૨)
૨૫. પર્વત (૨)
૨૭. પગપાળો પ્રવાસ (૪)
૩૦. હેત, સ્નેહ (૩)
૩૨. પુત્ર (૩)
૩૪. વાચા, વાણી (૨)
૩૫. એક પ્રકારનું ઝીણું કાપડ (૪)

**ઊભી ચાવી**

૨. રંગબેરંગી (૪)
૩. નસ, વલણ (૨)
૪. દશરથ રાજાના પુત્ર (૨)
૫. રોકડું (૩)
૬. હેતુ, આશય (૪)
૮. રીત (૩)
૧૧. પેટમાંનું મોટું આંતરડું (૨)
૧૨. એક ને પા (૨)
૧૩. છલાંગ, કૂદકો (૩)
૧૪. કપાળ (૩)
૧૫. પવિત્ર (૨)
૧૬. કિંમત, મૂલ્ય (૨)
૧૯. પીડા, દુઃખ (૩)
૨૦. શરીરની લંબાઇ (૨)
૨૧. એક વજન (૨)
૨૩. કરાર, હોડ, બોલી (૩)
૨૪. મુસાફરી (૨)
૨૬. સમજ (૨)
૨૭. ચાલવાનો અવયવ (૨)
૨૮. માગણ, ભિક્ષુક (૩)
૨૯. એક જાતનું ભૂત (૨)
૩૧. રહસ્ય, ભેદ (૩)
૩૨. તૃપ્ત, ધરાયેલું (૨)
૩૩. મૃત્યુના દેવ (૨)

# માથાદીઠ આવક પાંચ ગણી થશે, તો ભારત વિકસીત રાષ્ટ્ર બની શકે: આરબીઆઇના પુર્વ ગવર્નર

નવી દિલ્હી, તા. 13: જો ભારતે 2047 સુધીમાં વિકસિત દેશ બનવું હશે તો તેણે વાર્ષિક 7થી 8 ટકાના દરે વિકાસ કરવો પડશે, તેમજ માથાદીઠ આવકને 13,000 ડોલર સુધી પહોંચાડવી પડશે, તો જ તે શક્ય બનશે એમ આરબીઆઇના પૂર્વ ગવર્નર સી રંગરાજને કહી છે.

રંગરાજને કહ્યું કે ગરીબી અને અસમાનતાને સમાપ્ત કરવા માટે નવીનતા એકમાત્ર સાધન ન હોઇ શકે. તેમણે કહ્યું કે, ઉચ્ચ વિકાસ ઉપરાંત દેશને રોકડ અને મૂળભૂત આવકના રૂપમાં સામાજિક સુરક્ષા અને સબસિડીની પણ જરૂર પડી શકે છે. રંગરાજન વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

હું કહીશ કે 7થી 8 ટકાનો વધારો તેને વિકસિત અર્થતંત્રની નજીક લઇ જશે, કારણ કે વિકસિત અર્થતંત્ર દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવેલી માથાદીઠ આવક 13000 ડોલર કે તેથી વધુ હોવી જોઇએ. ભારતની માથાદીઠ આવક હાલમાં 2,700 અમેરિકન ડોલર છે. એટલે કે માથાદીઠ આવકમાં પાંચ ગણો વધારો કરવો પડશે.

### મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની કુલ એયુએમમાં દેશના પાંચ રાજ્યોનો હિસ્સો 69 ટકા

નવી દિલ્હી, તા. 13: મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની કુલ મેનેજમેન્ટ એસેટ્સ (એયુએમ)માં મહારાષ્ટ્ર, નવી દિલ્હી, કર્ણાટક, ગુજરાત અને બંગાળ મળીને આશરે 69 ટકા હિસ્સો ધરાવે છે. આ પાંચ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના એયુએમમાં વાર્ષિક ધોરણે 27થી 30 ટકાનો વધારો થયો છે.

### ઇન્ટિરિયર્સ એન્ડ મોરનો આઇપીઓ

ઘર, બિઝનેસ અને ઇવેન્ટસને ડેકોરેટ કરવા માટે હાઇ કવોલિટી આર્ટિફિશિયલ ફલાવર્સ, પ્લાન્ટસ અને અન્ય ડેકોરેટિવ મટિરિયલ્સનું ઉત્પાદન અને વેપાર કરનારી ઇન્ટિરિયર્સ એન્ડ મોર લિ.નો 15મી ફેબ્રુઆરીએ રૂ. 42 કરોડનો પબ્લીક ઇસ્યુ લોન્ચ કરી રહી છે. જે 20મીએ બંધ થશે.

# ટેક્નિકલ ખામીના પગલે એમસીએક્સની કામગીરી ચાર કલાક ખોરવાઇ

**કોમોડિટીઝ બજાર સવારે નવ વાગ્યે ખુલવાના બદલે એક વાગે વાગ્યે શરૂ થયું**

મુંબઇ, તા. 13: એમસીએક્સ પર ટેક્નિકલ સમસ્યાને કારણે 4 કલાક માટે ટ્રેડિંગ બંધ રહ્યું હતું. આજે 13 જાન્યુઆરીએ એમસીએક્સ પર બપોરે 1 વાગ્યાથી કારોબાર શરૂ થયો હતો. તેનો ટેક્નોલોજી વેન્ડર ટીસીએસ છે.

એમસીએક્સ પર સામાન્ય સત્ર સવારે 9 વાગ્યે શરૂ થાય છે જે રાત્રે 11.30 વાગ્યા સુધી ચાલે છે.

પહેલા એવું કહેવામાં આવતું હતું કે, સવારે 10 વાગ્યે બિઝનેસ શરૂ થશે, ત્યારબાદ લગભગ 11 વાગ્યાનો સમય આપવામાં આવ્યો હતો. જેની અસર કંપનીના શેર ઉપર પડી હતી. આજે એમસીએક્સનો શેર 9 ટકા ઘટીને 3484 રૂપિયા પર બંધ થયો, પરિણામ બાદથી એમસીએક્સના શેરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

એમસીએક્સનો શેર ગઇકાલે લગભગ 9 ટકા ઘટીને 3,484 રૂપિયા પર બંધ થયો હતો. તે જ સમયે, તે આજે 2 ટકાના ઘટાડા સાથે 3,426 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે.

કાળા મરી, ધાણા, જીરૂં, હળદર, ધાતુ જેવા કાચા માલનું વેચાણ અને કોમોડિટી બજારમાં ખરીદી કરવામાં આવે છે. કોમોડિટી ટ્રેડિંગ માટે બે મોટા એક્સચેન્જ છે. તેમાં મલ્ટી કોમોડિટી એક્સચેન્જ અને નેશનલ કોમોડિટી એન્ડ ડેરિવેટિઝ એક્સચેન્જ એટલે કે એનસીડીઇએક્સ છે.